BUSINESS મિત્ર

છૂટક ફુગાવો વધતા વ્યાજદરમાં વધારાની આશંકાથી તેજીમાં અવરોધ આવ્યો

બજારમાં ત્રણ દિવસની તેજીને બ્રેક, સેન્સેક્સ 318 પોઈન્ટ તૂટ્યો

મુંબઈ, તા. 13 (પીટીઆઈ) : ઓક્ટોબરમાં છૂટક ફુગાવો ૬.૦૯ ટકા સુધી વધ્યા બાદ નીતિગત વ્યાજ દરમાં વધારાની આશંકા વચ્ચે સ્થાનિક શેરબજારોમાં ત્રણ દિવસની તેજી શુક્રવારે અટકી ગઈ. સેન્સેક્સ ૩૧૮ પોઈન્ટ ઘટીને બંધ થયો, જ્યારે નિફ્ટી ૧૫૫ પોઈન્ટ ઘટીને બંધ થયો.

૩૦ શેરો વાળા બીએસઈ બેન્ચમાર્ક સેન્સેક્સ ૩૧૮.૫૬ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા ઘટીને ૮૧,૫૯૨.૪૫ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, તે ૬૨૨.૨૬ પોઈન્ટ અથવા ૦.૭૫ ટકા ઘટીને ૮૧,૨૮૮.૭૫ પર બંધ થયો હતો.નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર 50 શેરનો નિફ્ટી પણ 155.05 પોઈન્ટ અથવા 0.61 ટકા ઘટીને 25,144.30 પર બંધ થયો. આ મહિનામાં બંને બેન્ચમાર્ક સૂચકાંકો માટે આ પહેલો મોટો ઘટાડો છે.

સેન્સેક્સ કંપનીઓમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, અલ્ટ્રાટેક સિમેન્ટ, ભારત ઈલેક્ટ્રોનિક્સ, એનટીપીસી, ટ્રેન્ટ અને એચડીએફસી બેંકના શેરમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો. બીજી તરફ, હિન્દુસ્તાન યુનિલિવર, એશિયન પેઈન્ટ્સ, ભારતી એરટેલ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેર વધારા સાથે બંધ થયા.

સ્થાનિક બજારની નબળાઇથી રૂપિયામાં ઘટાડો

મુંબઈ : શુક્રવારે અમેરિકન ડોલરમાં મજબૂતાઈ અને સ્થાનિક શેરબજારોમાં નબળાઈ વચ્ચે રૂપિયો આઠ પૈસા ઘટીને ૯૪.૨૦ પ્રતિ ડોલર થયો. ઇન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો ડોલર દીઠ ૯૪.૦૭ પર ખુલ્યો. દિવસ દરમિયાન, તે ૯૪.૦૫ ની ઊંચી સપાટી અને ૯૪.૨૮ ની નીચી સપાટીને સ્પર્શ્યો. તે ૯૪.૨૦ (કામચલાઉ) પર બંધ થયો, જે તેના અગાઉના બંધ દર કરતા ૮ પૈસા નીચે હતો. ગુરુવારે રૂપિયો 41 પૈસા ઘટીને 94.12 પ્રતિ ડોલર પર બંધ થયો હતો.

એશિયન શેરોમાં મિશ્ર પ્રવાહ : એનવીડિયા પ્રકરણથી એઆઇ ક્ષેત્રે બનતી ઘટનાઓની અસર

હોંગકોંગ, ૧૩ નવેમ્બર (એપી): એનવિડિયાના સીઈઓ પદેથી જેન્સન હુઆંગના રાજીનામાનો વૈશ્વિક આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(AI) ઉદ્યોગ પર શું પ્રભાવ પડશે તેનું રોકાણકારો મૂલ્યાંકન કરી રહ્યા હોવાથી શુક્રવારે એશિયન શેરબજારોમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ ૦.૮ ટકા વધીને ૬૧,૨૮૩.૧૬ પર પહોંચ્યો હતો. ચિપ સાધનો બનાવતી કંપની ટોક્યો ઇલેક્ટ્રોનના શેર ૧.૫ ટકા વધ્યા હતા, જ્યારે મેમરી ઉત્પાદક કિઓક્સિયા હોલ્ડિંગ્સ ૨.૫ ટકા ઘટ્યો હતો અને ઓપનએઆઈના રોકાણકાર સોફ્ટબેંક ગ્રુપને ૫.૨ ટકાનું નુકસાન થયું હતું. દક્ષિણ કોરિયાનો બેન્ચમાર્ક કોસ્પી ઇન્ડેક્સ ૦.૫ ટકા ઘટીને ૫,૩૧૭.૦૫ પર રહ્યો હતો. દક્ષિણ કોરિયાની સૌથી મૂલ્યવાન કંપનીઓમાંની એક સેમસંગ ઇલેક્ટ્રોનિક્સ ૦.૭ ટકા ઘટી હતી. હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ૦.૯ ટકા ઘટીને ૨૩,૭૮૬.૪૮ પર બંધ રહ્યો હતો. શાંઘાઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ ૦.૨ ટકા વધીને ૩,૬૬૩.૭૧ પર પહોંચ્યો હતો. ઓસ્ટ્રેલિયાનો S&P/ASX 200 ઇન્ડેક્સ ૦.૭ ટકા ઘટીને ૯,૦૮૪.૮૦ પર રહ્યો હતો. ભારતનો સેન્સેક્સ ૦.૨ ટકા ઘટ્યો હતો.

ઓક્ટોબરમાં છૂટક ફુગાવો વધીને 6.09 ટકા થયો, જે બે વર્ષમાં પહેલી વાર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના 6 ટકાના ઉપલા થ્રેશોલ્ડને વટાવી ગયો, જેના કારણે અર્થશાસ્ત્રીઓ અપેક્ષા રાખે છે કે મધ્યસ્થ બેંક આવતા મહિને તેના નીતિ દરમાં વધારો કરશે.

હાલનો સુધારો સૂચવે છે કે ઊંચા ફુગાવા, રૂપિયામાં ઘટાડો અને ક્રૂડ ઓઈલના વધતા ભાવોના સંયોજનથી બજાર અસ્વસ્થ બની રહ્યું છે. જ્યારે વૈશ્વિક અનિશ્ચિતતાઓ સાવચેતીભર્યું વલણ અપનાવી રહી છે, ત્યારે કોર્પોરેટ માર્જિન, વપરાશ અને ભારતના ચાલુ ખાતાની ખાધ પર ઊર્જાના ઊંચા ભાવની અસર અંગે પણ ચિંતાઓ છે. ફુગાવો આરબીઆઈની સહનશીલતા મર્યાદાથી આગળ વધી રહ્યો છે, તેથી હાલમાં કોઈ નાણાકીય નીતિ રાહત નહીં મળે, જે બજારમાં ટકાઉ રિકવરીનો અવકાશ મર્યાદિત કરશે.

બીએસઈના ક્ષેત્રીય સૂચકાંકોની વાત કરીએ તો, રિયલ્ટીમાં 1.70 ટકા, ઓટોમાં 1.19 ટકા, કોમોડિટીમાં 1.11 ટકા, મેટલમાં 0.93 ટકા, ઓઈલ અને ગેસમાં 0.76 ટકા, પ્રાઈવેટ બેંક સૂચકાંકમાં 0.68 ટકા, વીમામાં 0.67 ટકા અને બેંકેક્સમાં 0.64 ટકાનો ઘટાડો જોવા મળ્યો. બીજી તરફ, ટેલિકોમ, કેપિટલ ગુડ્સ, પાવર અને હોસ્પિટલ ક્ષેત્રના સૂચકાંકોમાં વધારો નોંધાયો હતો. બીએસઈ પર કુલ ૨,૪૬૨ શેર ઘટ્યા હતા, જ્યારે ૧,૯૬૫ શેર વધારા સાથે બંધ થયા હતા અને ૨૪૫ શેરના ભાવ યથાવત રહ્યા હતા.

સેન્સેક્સ	-318.56	81592.45
નિફ્ટી	-155.05	25144.30
બેન્ક નિફ્ટી	-484.40	61034.10

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
આઇશર મોટર્સ	1.34	7,650.00
HUL	0.96	1,992.90
BSE લિમિટેડ	0.73	3937.70
એશિયન પેઇન્ટ્સ	0.53	2,550.00
ભારતી એરટેલ	0.48	2,106.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
શ્રીરામ ફાઇનાન્સ	3.37	970.00
TMPV	3.31	287.40
હિન્દાલ્કો	2.60	943.60
અદાણી એન્ટર.	1.95	2,688.00
વિપ્રો	3.85	233.34

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇટર્નલ	5.22	294.25
ટ્રેન્ટ	4.98	4,013.20
એનટીપીસી	2.44	367.30
અદાણી પોર્ટ	2.36	1,567.10
પાવર ગ્રીડ	2.15	289.35

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસિસ	7.19	1,535.90
ટીસીએસ	6.95	2,999.80
એચસીએલ ટેક	4.22	1,622.30
ટેક મહિન્દ્રા	4.12	1,645.00
એક્સિસ બેન્ક	1.27	1,338.40

પેરાગ્વેની સૌથી મોટી બેંક ઊઠી ગઈ તેમાં ૬૦ ટકા નાગરિકોના પૈસા ડૂબી ગયા



આપણી સરકાર સમગ્ર દેશની બેન્કિંગ સિસ્ટમને ડિજિટલ કરવાની વાત કરી રહી છે, પણ ડિજિટલ બેન્ક ઊઠી જાય ત્યારે તેના લાખો ગ્રાહકોને રાતે પાણીએ રોવાનો વારો આવી શકે છે. આ વાતનું જ્વલંત ઉદાહરણ તાજેતરમાં પેરાગ્વેમાં જોવા મળ્યું. દક્ષિણ અમેરિકન દેશ પેરાગ્વેમાં એક ડિજિટલ બેંકના પતનથી નાણાંકીય અને રાજકીય કટોકટી ઊભી થઈ છે. આ બેન્કમાં આશરે ૩૦ લાખ ખાતાંઓ છે, જેમાં પેરાગ્વેની ૬૦ ટકા વસ્તીનો સમાવેશ થઈ જાય છે. નવેમ્બરની સવારે લોકો જ્યારે ઊંઘમાંથી જાગ્યા ત્યારે તેમનાં ખાતાં ખાલી જોવા મળ્યાં હતાં. ગ્રાહકો તેમનાં ખાતાંમાંથી પૈસા ઉપાડી શકતાં નહોતાં. આનાથી દેશભરમાં બેંકનાં ૩૦ લાખથી વધુ ગ્રાહકોમાં રોષ ફેલાઈ ગયો હતો. પરિસ્થિતિ એટલી વણસી ગઈ કે પેરાગ્વેના રાષ્ટ્રપતિનું પદ પણ હવે જોખમમાં મુકાઈ ગયું છે. પેરાગ્વેમાં પડી ભાંગેલી આ બેંકનું નામ ચુનો છે. આ બેંક છેલ્લાં ત્રણ વર્ષમાં ખૂબ જ વિકસી હતી. પેરાગ્વેની પ્રખ્યાત ફૂટબોલ ક્લબના પ્રાયોજકમાં ચુનો બેંકની હાજરીથી લોકોનો વિશ્વાસ જીતાઈ ગયો હતો. ચારે બાજુ રોનક હતી, પરંતુ એક જ ઝાટકામાં ૬૦ લાખની વસ્તીવાળા દેશની અડધી વસ્તીની બચત ગાયબ થઈ ગઈ અને રાજકીય સંકટ ઊભું થયું.

સૌથી મોટો પ્રશ્ન એ છે કે ચુનો બેંક અચાનક કેમ બંધ થઈ ગઈ? જવાબ એ છે કે બેંકનો સોલ્વન્સી રેશિયો નોંધપાત્ર રીતે ઘટી ગયો હતો. આ આંકડો ૫૦ ટકાથી નીચે આવી ગયો હતો. આ પછી પેરાગ્વેની સેન્ટ્રલ બેંકે ચુનો બેંકનું નિયંત્રણ પોતાના હાથમાં લઈ લીધું હતું. ચુનો બેંકના આઠ અધિકારીઓની ધરપકડ કરવામાં આવી છે અને તેમની સંપત્તિઓ સ્થગિત કરવામાં આવી છે. આ દરમિયાન નાણાંકીય કટોકટીને કારણે પેરાગ્વેની સેન્ટ્રલ બેંકના પ્રમુખે પણ રાજીનામું આપવું પડ્યું છે. પેરાગ્વેનાં લોકો રસ્તા પર ઊતરી આવ્યાં છે. તેમણે બેંકના મુખ્યાલયને ઘેરી લીધું છે. દેશભરમાં બેંકની ૭૫ શાખાઓની બહાર ભીડ એકઠી થઈ છે. કેટલાંક લોકો રડી રહ્યાં છે. કેટલાંક ગુસ્સો વ્યક્ત કરી રહ્યાં છે. કેટલાંક ખોરાક અને દવા માટે પૈસા ઉપાડવાની વિનંતી કરી રહ્યાં છે. દરેક વ્યક્તિ લાચાર અને દુ:ખી છે. સરકારના વિરોધીઓએ ઘણી જગ્યાએ આગ લગાવી છે. હજારો લોકો રસ્તાઓ પર આવી ગયાં છે અને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા છે.

પેરાગ્વેના રાષ્ટ્રપતિ સેન્ટિયાગો પેના એક અર્થશાસ્ત્રી છે. તેઓ ૨૦૨૩ માં પેરાગ્વેના રાષ્ટ્રપતિ બન્યા હતા. રાષ્ટ્રપતિ પેના માર્ચ ૨૦૨૫ સુધી ગ્રુપો વાઝક્વેઝમાં શેરહોલ્ડર હતા. આ જૂથ ચુનો બેંકનું નિયંત્રણ કરે છે. ચુનો બેંક અગાઉ લોન પ્રદાતા તરીકે કાર્યરત હતી. બાદમાં, તે ડિજિટલ બેંક બની અને રાષ્ટ્રપતિ પેનાના કાર્યકાળ દરમિયાન ઝડપથી વિકાસ પામી હતી. તેણે ૩૦ લાખથી વધુ લોકોની મહેનતથી કમાયેલા પૈસા અને આશરે ૮,૦૩૧ કરોડ રૂપિયાના સરકારી ભંડોળનું સંચાલન કરવાનું શરૂ કર્યું હતું. આ બેંક પેરાગ્વે સરકારના સામાજિક ભંડોળનું પણ સંચાલન કરે છે. ચુનો બેંક ઊઠી ગઈ તેમાં ઇન્ટિટ્યુટો ડી પ્રિવિઝન સોશ્યલ ફંડે પણ નાણાં ગુમાવ્યા છે. આ ભંડોળ કામદારોને પેન્શન અને આરોગ્યસંભાળ કવરેજ પૂરું પાડે છે. આ કટોકટી વચ્ચે વિપક્ષી કાયદા ઘડનારાંઓએ રાષ્ટ્રપતિ સેન્ટિયાગો પેના પર મહાભિયોગની માંગણી કરી છે, જેમાં પેન્શન ફંડનો દુરુપયોગ અને હિતોના સંઘર્ષનો આરોપ લગાવવામાં આવ્યો છે.

પેરાગ્વેના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સેન્ટિયાગો પેનાને ગૃહમાં નજરકેદ કરવામાં આવ્યા છે. મહાભિયોગની પ્રક્રિયા બાદ શુક્રવારે અધિકારીઓએ આ કાર્યવાહી કરી હતી. કાયદા ઘડનારાઓએ તેમના પર મહાભિયોગ કરીને પદ પરથી હટાવ્યાના થોડા સમય પછી આ પગલું લેવામાં આવ્યું છે. ડિજિટલ બેંક ચુનોના પતનને કારણે સર્જાયેલા રાજકીય અને નાણાંકીય સંકટ વચ્ચે આ પગલું લેવામાં આવ્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજ્યના ફરિયાદીની કચેરી તેમના વિરુદ્ધના આરોપોને અંતિમ સ્વરૂપ ન આપે ત્યાં સુધી પેનાને નજરકેદ રાખવામાં આવશે. કાયદા ઘડનારાઓએ પેના પર આરોપ લગાવ્યો કે તેમણે તેમના રાજકીય પ્રભાવનો ઉપયોગ કરીને સરકારી ભંડોળ ચુનો બેંકમાં જમા કરાવ્યું હતું. રાજ્ય પેન્શન ફંડમાં પણ બેંકમાં મોટી થાપણો હતી. નિયમનકારોએ જોખમી લોનની અવગણના કરી હતી. સેનેટ દ્વારા સર્વાનુમતે તેમને પદ પરથી દૂર કરવામાં આવ્યા હતા. ઉપરાષ્ટ્રપતિ પેડ્રો અલેનાએ નવા પ્રમુખ તરીકે શપથ લીધા છે.



બેંકિંગ કટોકટીમાં રાષ્ટ્રપતિ પેનાની ભૂમિકા પણ તપાસ હેઠળ આવી છે. તેમનાં રાજીનામાંની જાહેરાતના કલાકો પછી રાજ્યના વકીલોએ ચુનો બેંક કેસમાં ત્રણ ફોજદારી તપાસ શરૂ કરવાની પુષ્ટિ કરી. આ તપાસ મુખ્યત્વે ત્રણ પાસાંઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. બેંક પર દેખરેખ અને નિયંત્રણ રાખતી સરકારી વ્યવસ્થાએ તેની જવાબદારી યોગ્ય રીતે નિભાવી કે નહીં. બેંક બંધ કરવા અને તેના નિયંત્રણ અંગે અધિકારીઓએ કેવી રીતે નિર્ણયો લીધા. આ બેંકમાં સરકારી પૈસા જમા કરાવવા પાછળની પ્રક્રિયા અને આધાર શું હતો? આ તપાસમાં વર્તમાન અને ભૂતપૂર્વ સરકારી અધિકારીઓની ભૂમિકાઓની પણ તપાસ કરવામાં આવશે. પેના અગાઉ ચુનો બેંક સાથે જોડાયેલી કંપનીમાં હિસ્સો ધરાવતા હતા. જો કે, તેમણે ગયા વર્ષે તેમના શેરો વેચી દીધા હતા.

પેરાગ્વેની સેન્ટ્રલ બેંકે ગયા અઠવાડિયે ચુનો બેંકના વિસ્ફોટ પછી તેમનાં નાણાં ગુમાવનારાં ૧૭ લાખથી વધુ થાપણદારોને આંશિક રીતે તેમની બચત પરત કરી છે. સત્તાવાર આંકડાઓ અનુસાર સોમવાર સુધીમાં આશરે ૨.૮ અબજ ડોલરની ડિપોઝિટમાંથી ફક્ત 33.૫ કરોડ ડોલર પરત કરવામાં આવ્યા છે. કેટલાંક ખાતાંધારકો પાસે પૈસા પાછા આવી રહ્યા છે, પરંતુ સંસ્થાના ખજાનામાં જે કંઈ છે તે મોટા ભાગની પહોંચની બહાર છે, જેમાં ૮૦ કરોડ ડોલરથી વધુના જાહેર ભંડોળનો સમાવેશ થાય છે. સેન્ટ્રલ બેંકના ડિપોઝિટ ગેરંટી ફંડ ડિરેક્ટર જોસ મેસીએલ દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર ત્રણ વર્ષથી ઓછા સમયમાં ચુનોએ લગભગ ૨.૮ અબજ ડોલરની થાપણો એકઠી કરી હતી. તેમાંથી ૭૧ ટકા થાપણો ખાનગી ક્ષેત્રની હતી. બાકીનો હિસ્સો જાહેર ક્ષેત્રનો હતો. ચુનોનાં ઉઠમણાં પછી બુધવારે એક કટોકટી કાયદો પસાર કરવામાં આવ્યો, જેમાં એક અઠવાડિયાની અંદર લગભગ ૧૯,૦૦૦ ડોલર સુધીની એડવાન્સ ચુકવણી અને બાકીના પછીનાં અઠવાડિયાંમાં ચુકવણી કરવાની મંજૂરી આપવામાં આવી હતી. સોમવાર સુધીમાં સેન્ટ્રલ બેંકે ૧૭ લાખથી વધુ થાપણદારોને લગભગ 33.૫ કરોડ ડોલરનું વિતરણ કર્યું હતું. આ રકમ ભરપાઈના તબક્કા માટે લાયક ઠરેલાં લોકોના ૯૩.૧ ટકા જેટલી છે, તેમ તેમણે જણાવ્યું હતું. જો કે, તેનો અર્થ એ નથી કે આ લોકોએ તેમની બચત સંપૂર્ણ રીતે વસૂલ કરી લીધી છે.

પેરાગ્વેની કુલ વસ્તી ૭૦ લાખ છે, જે બેંક ખાતું ધરાવતી વસ્તીના આશરે ૬૦ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. ચુનો બેંકના પતનનું મુખ્ય કારણ ભ્રષ્ટાચાર છે. આ જ કારણ છે કે રાષ્ટ્રપતિને આ મામલામાં ઘસડવામાં આવી રહ્યા છે. જો કે, તપાસ અહેવાલમાં અલગ અલગ કારણો દર્શાવવામાં આવ્યાં છે. એબીસી કલરના અહેવાલ મુજબ, બેંકના પતનનાં ત્રણ મુખ્ય કારણો છે:

૧. બેંકમાં થાપણો ખતમ થઈ ગઈ હતી. પેરાગ્વેયન સેન્ટ્રલ બેંક દ્વારા બે દિવસ પહેલાં બહાર પાડવામાં આવેલા અહેવાલ મુજબ, ચુનો બેંકનો સોલ્વન્સી રેશિયો ઘટીને ૫.૫૬% થઈ ગયો હતો, જે ઓછામાં ઓછો ૧૨ ટકા હોવો જોઈએ.

૨. આ બેંક પર નિયંત્રણ રાખનારાં લોકોએ મોટી લોન દીધી હતી, પરંતુ તેઓ પૈસા વસૂલવામાં નિષ્ફળ ગયા હતા. પરિણામે, ચુનો બેંકની નાણાંકીય સ્થિતિ કથળી ગઈ હતી.

૩. બેંકની તરલતાની સ્થિતિ પણ એક મુખ્ય પરિબળ છે. તેને કારણે રોકડની તંગી પેદા થઈ હતી. સરકારે બેંકના અધિકારીઓ સામે કેસ દાખલ કર્યો છે અને તપાસ શરૂ કરી છે. જો પેરાગ્વેની સૌથી મોટી બેંક ભાંગી પડે તો ભારતની બેંકો પણ સલામત નથી. ભારતની બેંકો દ્વારા મોટા મોટા ઉદ્યોગપતિઓને આપવામાં આવેલી અબજો રૂપિયાની લોનો માંડી વાળવામાં આવી છે. આ લોનો કોણે લીધી હતી, તેમનાં નામો પણ જાહેર કરવામાં આવતાં નથી. જો ભારતની મોટી સરકારી કે ખાનગી બેંકો ઊઠી જાશે તો દેશમાં કટોકટી જાહેર કરવી પડશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

જો પેરાગ્વેની સૌથી મોટી બેંક ભાંગી પડે તો ભારતની બેંકો પણ સલામત નથી. ભારતની બેંકો દ્વારા ઉદ્યોગપતિઓને આપવામાં આવેલી અબજો રૂપિયાની લોનો માંડી વાળવામાં આવી છે

રિયલ એસ્ટેટ ક્ષેત્રે વૈશ્વિક રોકાણમાં ભારત ચીનથી આગળ નીકળ્યું

પ્રથમ નવ મહિનામાં ભારતમાં 5.5 અબજ ડોલરનું વિદેશી મૂડીરોકાણ આવ્યું

ડેટા સેન્ટર ક્ષેત્રે રોકાણમાં 79 ટકાનો વધારો જોવા મળ્યો

મુંબઈ, તા. 13 : વૈશ્વિક રિયલ એસ્ટેટ રોકાણકારોએ પ્રોપર્ટી માર્કેટમાં 5.5 અબજ ડોલરનું રોકાણ કરતા, ભારત ચીનથી આગળ નીકળી ગયું છે. ડેટા સેન્ટરોમાં 3.9 અબજ ડોલરનું રોકાણ આવ્યું છે, જે ઓફિસોમાં થયેલા રોકાણ કરતાં બમણું છે.

પ્રોપર્ટી કન્સલ્ટન્સી 'સેવિલ્સ' (Savills) ના એક અહેવાલ મુજબ, એશિયામાં સરહદ પારના (cross-border) રિયલ એસ્ટેટ રોકાણ માટે ભારત હવે ચીનને પાછળ છોડીને પ્રથમ પસંદગીનું સ્થળ બની ગયું છે. ચાલુ વર્ષના પ્રથમ નવ મહિનામાં ભારતમાં 5.5 અબજ ડોલરનું વિદેશી મૂડીરોકાણ આવ્યું છે, જે ચીનમાં થયેલા 3.7 અબજ ડોલરના રોકાણ કરતાં લગભગ 50 ટકા વધુ છે.

આ બદલાવ એવા સમયે આવ્યો છે જ્યારે ભારતના કોમર્શિયલ રિયલ એસ્ટેટમાં, ખાસ કરીને ડેટા સેન્ટરોમાં વૈશ્વિક સંસ્થાકીય રોકાણકારોનો રસ વધી રહ્યો છે. વિકાસ માટેની જમીનોની સાથે સાથે ડેટા સેન્ટરો પણ રોકાણના મુખ્ય સ્થળ તરીકે ઉભરી આવ્યા છે.

વૈશ્વિક ઓપરેટરો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણકારો અને હાઈપરસ્કેલર્સ (મોટા પાયે ડેટા સેન્ટર ચલાવતી કંપનીઓ) દ્વારા તેમના વિસ્તરણની યોજનાઓને વેગ આપવામાં આવી રહ્યો છે.

ઓક્ટોબરમાં ભારતની કુલ નિકાસ રેકોર્ડ સ્તરે પહોંચી ; વેપાર ખાધ ઘટી

નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ) : ઓક્ટોબરમાં ભારતની કુલ નિકાસ, જેમાં માલ અને સેવાઓનો સમાવેશ થાય છે, ૨૯.૯ ટકા વધીને ૮૯.૯૯ અબજ ડોલરના રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે, જ્યારે વેપાર ખાધ ઘટીને ૨૦.૦૯ અબજ ડોલર થઈ ગઈ છે. શુક્રવારે વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે ઓક્ટોબર મહિનાના આ વેપાર આંકડા જાહેર કર્યા. ગયા વર્ષે આ જ મહિનામાં દેશની કુલ નિકાસ, જેમાં માલ અને સેવાઓનો સમાવેશ થાય છે, 69.27 બિલિયન ડોલર હતી. ઓક્ટોબર 2025માં ભારતની વેપાર ખાધ 25.15 બિલિયન ડોલર હતી. ઓક્ટોબરમાં ભારતની આયાત વધીને 110.07 બિલિયન ડોલર થઈ ગઈ, જે ગયા વર્ષના સમાન મહિનામાં 94.42 બિલિયન ડોલર હતી. સત્તાવાર માહિતી અનુસાર, ઓક્ટોબરમાં માલસામાનની નિકાસ વધીને 49.47 બિલિયન ડોલર થઈ ગઈ છે જે ગયા વર્ષના સમાન મહિનામાં 34.11 બિલિયન ડોલર હતી. સેવાઓની નિકાસ પણ ઓક્ટોબર 2025 માં 35.17 બિલિયન ડોલરથી વધીને 40.51 બિલિયન ડોલર થઈ ગઈ છે. વાણિજ્ય સચિવે પત્રકારો સાથેની વિડીયો કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે ઓક્ટોબરમાં વેપારી માલની નિકાસ 49.47 બિલિયન ડોલરની નવી ઊંચી સપાટીએ પહોંચી.

CAG દ્વારા 39 વીજ વિતરણ કંપનીઓ અને 5 વીજ વિભાગોનું પ્રથમ રાષ્ટ્રવ્યાપી ઓડિટ શરૂ

સરકારી સહાય રોકાણને બદલે નુકસાન, દેવું અને વ્યાજની ચૂકવણી પાછળ વધુ ખર્ચાઈ રહી છે

મુંબઈ, તા. 13 : કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ) દ્વારા 39 વીજ વિતરણ કંપનીઓ અને 5 વીજ વિભાગોનું પ્રથમ રાષ્ટ્રવ્યાપી ઓડિટ શરૂ કર્યું છે. કેગ દેશભરની 39 જાહેર ક્ષેત્રની વીજ વિતરણ કંપનીઓ (ડિસ્કોમ્સ) અને પાંચ વીજ વિભાગોની કાર્યકારી તથા નાણાકીય કામગીરીનું સંકલિત ઓડિટ કરી રહ્યા છે; આ અંગેનો રાજ્યવાર અહેવાલ આવતા વર્ષે જાહેર થવાની અપેક્ષા છે.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, આ કવાયત છેલ્લા પાંચ વર્ષના ડેટાને આવરી લેશે, આ ઓડિટમાં 28 અધિકારીઓ સામેલ છે. આ ઓડિટ આગામી ચાર વર્ષોમાં વીજ ક્ષેત્રના તમામ મુખ્ય પેટા-વિભાગોને આવરી લેવાનું વિચારી રહ્યું છે, જેમાં ડિસ્કોમથી શરૂઆત થાય છે અને ત્યારબાદ ટ્રાન્સમિશન, વીજ ઉત્પાદન અને નવીનીકરણીય ઉર્જાનો સમાવેશ થાય છે. કેગ નિયમિતપણે કેન્દ્ર અને રાજ્ય બંને સ્તરના વીજ-ક્ષેત્રના ઉપયોગિતાઓ, યોજનાઓ અને સંસ્થાઓનું ઓડિટ કરતી હોય છે પરંતુ આ વર્તમાન કવાયત તેના સંકલિત અને વ્યાપકતાને કારણે અલગ છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. પ્રથમ વખત, ઓડિટર બહુવર્ષીય, સમગ્ર ક્ષેત્રને આવરી લેતો રોડ મેપ અપનાવી રહ્યો છે, જેમાં તમામ રાજ્યોમાં એક સમાન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવશે, જેથી સ્થાનિક-ઓડિટના તારણોને રાષ્ટ્રીય સ્તરની નીતિગત સમજમાં રૂપાંતરિત કરી શકાય.

વૈશ્વિક નબળાઇને કારણે સોના-ચાંદીના ભાવમાં સતત ત્રીજા દિવસે ઘટાડો

નવી દિલ્હી, તા. 13 : દિવાળી પછી માગમાં ઘટાડો અને વૈશ્વિક બજારોમાં નબળા વલણને કારણે રાષ્ટ્રીય રાજધાનીમાં શુક્રવારે સતત ચોથા ટ્રેડિંગ સત્રમાં સોનાના ભાવમાં ઘટાડો ચાલુ રહ્યો અને તે ૨,૫૦૦ રૂપિયા ઘટીને ૧,૪૦,૯૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયો હતો. ઓલ ઇન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ૯૯.૯ ટકા શુદ્ધતાવાળા સોનાનો ભાવ ગુરુવારે ૧,૪૩,૪૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામથી ૨,૫૦૦ રૂપિયા ઘટીને શુક્રવારે ૧,૪૦,૯૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયો હતો. ચાંદીના ભાવ પણ પાછલા સત્રમાં સ્થિર રહ્યા બાદ ઘટ્યા હતા. ચાંદીના ભાવ ૩,૫૦૦ રૂપિયા ઘટીને ૧,૮૪,૦૦૦ રૂપિયા પ્રતિ કિલો થયા, જે પાછલા ટ્રેડિંગ સત્રમાં ૧,૮૭,૫૦૦ રૂપિયા પ્રતિ કિલો હતા.

વેસ્ટર્ન રેલવે એક તરફી સ્પેશિયલ ટ્રેન દોડાવશે

ટ્રેન નં.	ઉપડવાનું અને ગંતવ્ય સ્ટેશન	દોડવાની તારીખ	પ્રસ્થાન	આગમન
09019	ઉધના-ખાટીપુરા	14.11.2026	16.05 કલાકે (શનિવાર)	11.30 કલાકે (બીજા દિવસે)
રોકાણ : ભરૂચ, વડોદરા, ગોધરા, રતલામ, મંદશોર, નીમચ, ચિત્તોરગઢ, ભીલવારા, નાસીરાબાદ, અજમેર, કિશનગઢ અને જયપુર સ્ટેશન				
સંયોજન : સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચીસ				
09121	ઉત્રાણ-લાલકુઆં	14.11.2026	14.15 કલાકે (શનિવાર)	13.20 કલાકે (બીજા દિવસે)
રોકાણ : ભરૂચ, વડોદરા, ગોધરા, રતલામ, કોટા, સવાઇ માધોપુર, ભરતપુર, મથુરા, હઝરત નિઝામુદ્દિન, ગાઝિયાબાદ, હાપુડ, અમરોહા, મોરાદાબાદ અને રામપુર સ્ટેશન.				
સંયોજન : સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચીસ				

સમય, રોકાણ, અને સંયોજન સંબંધી વિસ્તૃત માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquire.indianrail.gov.inની મુલાકાત લો.

ટ્રેન નં 09019 અને 09121 માટેનું બુકિંગ તમામ પીઆરએસ કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર થશે. ઉપરની ટ્રેનો સ્પેશિયલ ટ્રેન તરીકે સ્પેશિયલ ભાડા મુજબ દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

તમામ રિઝર્વ ટિકીટ માટે કૃપા કરીને તમારા ઓરિજિનલ આઇડી પ્રુફ સાથે રાખો.

SURAT MUNICIPAL CORPORATION

FIT INDIA

Tenders are invited for various Dept. Works online on https://smctender.nprocure.com from Government Approved / Experienced contractors with follwing schedule.

No.	Name of Department	No of work	Total No.	Tender No.	Total Est.cost Rs.
01	BRIDGE CELL	08	08	ACE & I/C CE/ Bridge/06/2026-27	Rs.10,43,56,414.37
02	BRIDGE CELL	01	01	ACE & I/C CE/ Bridge/07/2026-27	Rs.3,05,86,338.10

The detail tender notice will be made available on website (Visit Us www.suratmunicipal.gov.in).
No.P.R.O./341/2026-27 Commiss